ડભોઇ સાત ગામોના ખેડૂતોને પોર બ્રાન્ચ કેનાલમાંથી પાણી ન મળતા મામલતદારને આવેદન

(પ્રતિનિધિ) ડભોઈ, તા.૨૩

ડભોઇ તાલુકાનાં ૭ ઉપરાંત નર્મદા વસાહતના ૬૦૦ થી ૭૦૦ હેક્ટર જમીન ધરાવતા ખેડતોને સિંચાઇ માટેના પાણી ન મળતા ડભોઇ મામલતદાર જે.એન. પટેલને આવેદન પત્ર આપી પોર બ્રાન્ચ કેનાલ મા યુધ્ધ ના ધોરણે પાણી છોડવામાં આવે તેવી માંગ કરી હતી. ડભોઇ તાલુકામાં વસવાટ કરતાં નર્મદા વિસ્તાપીતોને પોર શાખા બ્રાન્ચ કેનાલમાં ચાલુ સાલ ખેતી માટે સિંચાઇ ના પાણી ની અછત સર્જાતા ખેડૂતો ના પાક્ને નુક્શાન થવાની ભીતી સર્જાય છે ત્યારે ડભોઇના બોરિયાદ, હીરાભાગોળ, વેરાઈમાતા વસાહત, વેરાઈમાતા વસાહત -૨ તેમજ નળા વસાહત અને ઠરવાસા વસાહતના ખેડૂતોની આશરે ૬૦૦ થી ૭૦૦ હેક્ટર જમીનમાં ચાલુ સાલ વરસાદ્ની અછત સર્જાતા ખેડૂતો એ પાક ને પાણી આપવા અમાટે સિંચાઇના પાણીનો સહારો લેવો પડે તેમ છે પણ તેમના ખેતારો માં મળતા નર્મદા પોર બ્રાન્ચ કેનાલ માં પાણી ન આવતા ખેડૂતો માં ભારે રોષ ફેલાયો છે જ્યારે આજ રોજ ભારતીય કિશન સંગના ઉપક્રમે પ્રમુખ સુરેશભાઈ પટેલ, રમેશભાઈ કોઠીયા, સહિત ના ખેડૂતો દ્વારા ડભોઇ સેવાસદન ખાતે મામલતદાર જે.એન.પટેલને આવેદનપત્ર આપી ખેડૂતોને સિંચાઇ માટે પાણી ત્વરીત મડે તે માટે કાર્યવાહી કરવા માંગ કરી છે.

છોટાઉદેપુર જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના

ફિલ્ડ ઓફિસર ૪૦૦૦ ની લાંચ લેતા એસીબી દ્વારા રંગેહાથે ઝડપાયા

છોટાઉદેપુર જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં સરકારી યોજનાઓમાં શિક્ષિત બેરોજગાર ને લોનો મળે છે, જેમાં અરજદારોની લોનો મજૂર કરવામાં પણ લાંચ લેવામાં આવેછે, અને લોન મજૂર થયા બાદ લોન ની સબસીડી મંજૂર કરાવવા પણ લાંચ લેવામાં આવે છે, જેમાં એજન્ટો દ્વારા પણ મોટા પાયે અરજદારો પાસેથી લાંચ ના વહીવટ કરાવાતા હોય છે, તેવા જ એક વ્યક્તિએ વાજપાઈ બેંકેબલ યોજના હેઠળ રૂપિયા ૨ લાખની લોન ૨૦૧૯ માં પાસ કરાવી હતી .પરંતુ લાભાર્થીની સબસીડી મંજૂર થતી ન હતી. અને આ સબસીડી મંજૂર કરાવવા માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના ફિલ્ડ ઓફિસર જીતુ સોલંકીએ છ હજારની લાંચની માંગણી કરી હતી.આ રકમ બાબતે ભારે રકઝક કર્યા બાદ ચાર હજાર લાંચ આપવા ફરિયાદી સંમત થયા હતા, લાભાર્થી લાંચ આપવા માંગતા ના હોય આ સંદર્ભે લોન લેનાર લાભાર્થીએ છોટાઉદેપુર એ સી બી ઓફિસમાં ફરિયાદ કરી હતી. લાભાર્થીને જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના સુપરવાઈઝર જીતુભાઇ રમણિકભાઈ સોલંકી એ માંગેલ રૂપિયા ૪ હજારની લાંચ એસ ટી ડેપો પાસે આપવાનું કહ્યું હતુ, તેના આધારે એસીબી પી આઈ કે. કે.ડીંડોર ત્યાં પોહચી ગયા હતા. અને રૂપિયા ૪ હજારની લાંચ લેતા


(તસ્વીર- ઝાકીર અંધી)

જીતુભાઇ રમણિકભાઈ સોલંકી ને હાથો હાથ પકડી પાડી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું એ સી બી પોલીસ ઇન્સ્પેક્ટર ડિંડોરે જણાવ્યું હતું.

સાયન્સ ફેકલ્ટીની પરીક્ષાનું ટાઈમટેબલ બ્લોક કરાયું !

વડોદરા, તા.૨૩

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટીના જીઓલોજીકલ ડિપાર્ટમેન્ટની પરીક્ષા ઓગષ્ટ મહિનામાં લેવામાં આવનાર હોઈ વેબસાઈટ પર પરીક્ષાનું ટાઈમટેબલ મુકવામાં આવ્યું હતું. પરંતુ તેને અપલોડ કર્યાની પાંચ મિનિટમાં અચાનક તે ખુલવાનું બંધ થઈ ગયું હતું.જેથી કેટલાક વિદ્યાર્થીઓ અવઢવમાં મુકાયા હતા. હાઈકોર્ટના ગતરોજના ચૂકાદાને ધ્યાને લઈ પરીક્ષાનું ટાઈમટેબલ બ્લોક કરવામાં આવ્યું હોવાની વિદ્યાર્થીઓમાં ચર્ચા છે.

બોડેલીમાં કોરોના બ્લાસ્ટ થતા વહીવટી તંત્ર તેમજ આરોગ્ય વિભાગમાં દોડધામ મચી જવા પામી

(પ્રતિનિધિ) બોડેલી, તા. ૨૩

છોટાઉદેપુર જિલ્લામાં કોરોના સંક્રમણમાં સતત વધારો રહ્યો છે. આજે બોડેલી તાલુકામાં કોરોના બ્લાસ્ટ થયો હતો. છોટાઉદેપુર જિલ્લામાં ૧૫ કેસોમાંથી સૌથી વધારે બોડેલી તાલુકામાં ૧૨ કોરોના પોઝીટીવ કેસ સામે આવ્યા છે. તેમજ આજે બોડેલી તાલુકાના ત્રણ દર્દીઓને સ્વસ્થ થતા હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

બોડેલી તાલુકાના આજે ૧૨ કોરોના પોઝીટીવ કેસો સામે આવતા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગમાં દોડધામ મચી જવા પામી છે તેમજ આજે સૌથી વધુ કેસ નોંધાતા લોકોમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે. છોટાઉદેપુર જિલ્લામાં કોરોના પોઝીટીવના અત્યાર સુધી કુલ ૧૨૫ કેસ નોંધ્યા છે તેમજ અત્યાર સુધી જિલ્લામાં કોરોનાથી ૪ લોકોના મૃત્યુ પણ નિપજ્યા છે. બોડેલી તાલુકાના ગઈકાલે ૪૮ કોરોના કેસો સામે આવ્યા હતા પરંતુ આજે વધુ બોડેલી તાલુકામાં ૧૨ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા બોડેલી તાલુકાનો કોરોના પોઝીટીવ અંક ૬૦ સુધી પોહચ્યો છે જિલ્લામાં સૌથી વધુ કેસ બોડેલી તાલુકામાં નોંધાતા કોરોનાએ હાફ સેન્ચ્યુરી ફટકારી છે ખાસ કરીને શરૂઆતના તબક્કે કોરોનાના કેસ ધીમેધીમે બહાર આવતા હતા. છેલ્લા કેટલાક દિવસોથી કેસમા સતત વધારો જોવા મળી રહ્યો છે. આજે કોરોનાએ હાફ સેન્ચ્યુરી ફટકારતા ચિંતા વધી છે.

પુત્રીની સગાઈ તૂટતા વિવશ બનેલા પિતાએ ગળે ફાસો ખાઈ જીવન સંકેલ્યું

વડોદરા,તા.૨૩

બાપોદ જકાત નાકા પાસે આવેલ જયઅંબે નગરમા રહેતા ૪૦ વર્ષીય યુવાને પુત્રીની સગાઇ તુટી જવાના આવેશમાં ગળે ફાંસો ખાઇને જીવન લીલા સંકેલી લીધી હતી. બનાવ સંદર્ભે પાણીગેટ પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ તેમજ હોસ્પીટલ સુત્રોના જણાવ્યા અનુસાર બાપોદ જકાતનાકા પાસે આવેલ જય અંબે નગરમાં અશ્વિનભાઇ રોહીત ઉ.વ. ૪૦ તેમના પત્ની તથા પુત્રીના પરિવાર સાથે રહેતા હતા. તે પ્લમ્બરીંગનુંકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા થોડા સમય અગાઉ જ તેમને પુત્રી પલ્લવીની સગાઇ જ્ઞાતિના યુવાન સાથે કરી હતી જો કે આ સગાઇ કોઇ કારણોસર તુટી ગઇ હતી. જેથી પુત્રીની સગાઇ તુટી જવાનો દુઃખી પુત્રીને બદલે તેણીના પિતા અશ્વિનભાઇને લાગ્યું હતું. તેના આવેશમાં ૪૦ વર્ષીય પિતા અશ્વિનભાઇ રોહીત બેબાકાળા બની ગયા હતા અને જીવનભવ પુત્રી કુંવારી રહેવાની તેમ તેમને ગળે ફાંસો ખાઇને જીવનલીલા સંકેલી લીધી હતી.

પશ્ચિમ રેલવે

મુખ્ય અને લૂપ લાઇનો મૂકવી અને લિંક કરવું

ડી.આઈ.ચિફ એન્જિનિયર (બાંધકામ) ઈ, વેસ્ટર્ન રેલ્વે, પ્રતાપનગર, વડોદરા - એમ ૩૯૦ ૦૦૪ નીચે આપેલ વિગતો મુજબ ઇ-ટેન્ડર માટે આમંત્રણ આપે છેઃ ઇ-ટેન્ડર નંબર ડીવાય.સી.ઇ. / સી / આઇ / બીઆરસી / ડીબી-સીડીડી-કેડ્યુ / ૩૯. કાર્યનું નામઃ ''ડભોઇ - ચાંદોદ ગેજ રૂપાંતર અને વિસ્તરણ સાથે રૂપાંતર રૂપે રૂપાંતરમાં ડભોઇ યાર્ડ અને અન્ય યાર્ડર્સ / બ્લોક વિભાગોમાં પોઇન્ટ્સ અને ક્રોસિંગ સપ્લાય અને ફેલાવો, વેલ મટિરીયલ્સના ટ્રાન્સપોર્ટેશન અને બ્લાસાટ સહિતના મુખ્ય અને લૂપ લાઇનો મૂકવા અને લિંક કરવા. કેવડિયા પ્રોજેક્ટ સુધી ''કામની અંદાજીત કિંમતઃ રૂ. ૨,૦૫,૧૦,૮૭૫.૯૪. ઇએમડીઃ રૂ. ૨,૫૨,૬૦૦ / - બોલી લગાવવા માટે ઓનલાઇન ટેન્ડરની ઉપલબ્ધતાઃ ૨૭/૦૭/૨૦૨૦ થી ૧૫.૦૦ વાગ્યે. ૧૦/૦૮/૨૦૨૦ થી ૧૫.૦૦ વાગ્યા સુધી. નોંધઃ ટેન્ડર ડોક્યુમેન્ટ (નોન રિફંડપાત્ર), ઇએમડી, પાત્રતાના માપદંડ, સમાન પ્રકારનું કાર્ય, વિગતવાર ટેન્ડર માલવાહકની વિગતવાર નોટિસ અંગે, કૃપા કરીને www.ireps.gov.in ની મુલાકાત લો મેન્યુઅલ ઓફરની નોંધ લેવામાં આવશે.

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly

દર્દીઓને વિના મુલ્યે ટોસીલીઝુમેબ ઈંજેકશન આપવા

અમદાવાદ પાલિકાએ નિર્ણય લીધો તો વડોદરા સેવાસદન કેમ પાછળ ?

વડોદરા,તા.૨૩

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કોવિડના દર્દીઓના સારવાર દરમિયાન કટોકટીના સમયમાં આપવું પડતું ટોસીલીઝુમેબ ઇંજેકશન મ્યુનિસિપલ કોર્પો. દ્વારા રીફર કરવામાં આવેલા દર્દીઓને વિના મુલ્યે આપવાનો નિર્ણય કર્યો છે.

જયારે ખાનગી હોસ્પીટલમાં રીઝર્વ બેડ પર સારવાર લેતા દર્દીઓ માટે વિનંતી પત્ર રજુ કરેથી રિપ્લેસમેન્ટના ધોરણે આપવાનું નક્કી કરાયું છે તો પછી વડોદરા મહાનગર સેવાસદન દ્વારા કોવીડ દર્દીઓ માટે વિના મુલ્યે ટોસીલીઝુમેબ ઇન્જેકશન આપવાની સુવિધા ક્યારે ઉપલબ્ધ કરાશે તેવા સવાલો ઉઠવા પામ્યા છે.

કોવીડના દર્દીઓની સારવાર દરમિયાન ઉભી થતી કટોકટી ખાસ કરીને દર્દીને શ્વાસની વધુ તકલીફ હોય અથવા ખાસ પ્રકારના લોહીના રિપોર્ટ ખરાબ હોય ઓકસીજન લેવલ ઓછુ થયું હોય તો આ પરિસ્થિતિમાં દર્દીને ટોસીલીઝુમેબ ઇંજેકશન આપવુ આવશ્યક છે.

અમદાવાદમા મહાનગર પાલિકા સત્તાધીશો દ્વારા એવો નિર્ણય લેવામાં આવ્યો હતો. કે ખરાબ પરિસ્થિતિમાં દર્દીને ટોસીલીઝુમેબ આપવુ આવશ્યક થઇ પડતુ હોય તો જયા સુધી આ ઇંજેકશનનો જથ્થો ઉપલબ્ધ હશે ત્યાં સુધી વિના મુલ્યે દર્દીઓને આપવામાં આવશે.

જયારે ખાનગી કોવીડ હોસ્પીટલમાં સારવાર લેતા ખાનગી દર્દીઓ માટે રીપ્લેસમેન્ટના ધોરણે આવશે તેમજણાવાયું હતું.

બીજી બાજુ વડોદરા મહાનગર સેવાસદનના વહીવટદારો આવી સુવિધા ઉપલબ્ધ કરાવવા અંગે વહેલીતકે નિર્ણય લે તે જરુરી છે. તદુપરાંત ખાનગી દર્દીઓને પણ રિપ્લેસમેન્ટના ધોરણે ટોસીલીઝુ ઇંજેકશનની ફાળવણી કરવાની વ્યવસ્થા કરવી જોઇએ તે જરુરી બને છે.

રાજપીપળામાં વીજ કંપનીએ બુધવારે છ કલાક સુધી વીજળી બંધ રાખતા હાલાકી

(પ્રતિનિધિ)રાજપીપલા,તા.૨૩

રાજપીપળા શહેરમાં વીજ કંપની ના અંધેર વહીવટ બાદ લોકો તોબા પોકારી ઉઠ્યા બાદ કલેક્ટર ને આવેદન આપતા આ બાબતે વીજ કંપની ના ઇજનેરે ૩ દિવસ માં ક્ષતિ દૂર કરવા જણાવી હવે આમ નહિ થાય તેવી બાંહેધરી આપી હતી પરંતુ એ માટે બાકી કામગીરી કરવા ૧૫ દિવસ માં બે વખત સવારે ૮ થી બપોરે ૨ વાગ્યા સુધી લાઈટો બંધ રાખવા પણ કલેક્ટર પાસે પરવાનગી લીધી હોય જેના ભાગરૂપે ગત અઠવાડિયે ૬ કલાક અને બુધવારે ફરી ૮ થી ૨ વાગ્યા સુધી ૬ કલાક વીજ પુરવઠો બંધ રાખી કામગીરી કરાઈ જેમાં બુધવારે અગાઉ અન્ડરગ્રાઉન્ડ ખેચેલી વીજ લાઈનો ના કનેક્સન ની કામગીરી કરવામાં આવી હતી.

જોકે હાલ ૧૫ દિવસ માં બે વખત કમગીરી તો કરાઈ પરંતુ આવનારા દિવસો માં વીજ પુરવઠો નિયમિત મળશે કે કે એ બાબતે ગ્રામજનોને હજુ આ બાબતે ભરોસો નથી ત્યારે આવનારા સમય માં હવે લાઈટો ની તકલીફ રહે છે કે નહીં એ બાદ જ વીજ કંપનીની કામગીરી કેટલી યોગ્ય થઈ છે એ બાબત જાણી શકાશે. પરંતુ આકરી ગરમીમાં ૬ કલાક લાઈટો બંધ રહેતા લોકો ગરમીમાં પરસેવે રેબઝેબ થયા હતા.

સાફ સફાઈ કરીને કુલ ૧,૦૫૬ મેટ્રિક ટન ધન કચરાનો કરેલ નિકાલ

વડોદરા,તા.૨૩

વડોદરા મહાનગરપાલિકાની અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે,વડોદરા મહાનગરપાલિકાના ડોર ટુ ડોરના ૨૯૬ વાહનો અને ૧૧૧ ઓપન સ્પોટ વ્હિકલ દ્વારા સાફ સફાઇ કરવામાં આવી હતી.શહેરમાં વિવિધ ૧,૨૬૧ સ્થળોએ સાફ-સફાઇ કરી ૧,૦૫૬ મે.ટન ધન કચરાને એકત્રીત કરીને તેનો નિકાલ કરવામાં આવ્યો. આજરોજ મહાનગરપાલિકાના ચારેય ઝોનમાં સાફ-સફાઇની કામગીરી હાથ ધરવામાં આવી હતી.જેમાં ૧,૧૭૦ કિલો મેલેથિયોન અને ૫,૦૬૦ કિલો ચૂનાનો છંટકાવ કરવામાં આવ્યો હતો.વડોદરા મહાનગરપાલિકાની દબાણ શાખાની ટીમો દ્વારા સવાર-સાંજ પેટ્રોલીંગ કરી નાગરિકો દ્વારા સોશ્યલ ડિસ્ટન્સીંગનો હેતુ

વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

આકારણી શાખા

બાકી કરદાતાઓના લાભાર્થે વ્યાજ વળતર યોજના

વડોદરા મહાનગરપાલિકા હદમાં આવેલી મિલકતોના બાકી વેરા વસુલાત માટે વ્યાજ વળતર યોજના અમલમાં મુકવા માટે સ્થાયી સમિતિ ઠરાવ અંક-૧૨૩/તા. ૧૭-૦૭-૨૦૨૦ થી સમગ્ર સભાની મંજૂરીની અપેક્ષાએ મંજૂરી મળેલી છે. જે અનુસાર નીચે મુજબની યોજના અમલમાં મુકવામાં આવેલી છે.

''ભાડાઆકારણી પધ્ધતિ માટે ઇન્સેન્ટીવ રીબેટ યોજના''

(૧) વડોદરા મહાનગરપાલિકાનો તા. ૧-૪-૨૦૦૩ સુધીનો ભાડા આકારણીનો ભરવાપાત્ર મિલકત કર (સામાન્ય કર, પાણી ચાર્જ/કર, કન્ઝરવન્સી ચાર્જ, જાજરૂ વેરો, શિક્ષણ ઉપકર અને દંડની રકમ) એક સહ ભરે તો નીચે મુજબ ઇન્સેન્ટીવ રિબેટ યોજનાનો લાભ આપવામાં આવશે.

(ક) નોટીસ ફી, વોરંટી ફી, અને જાહેરાત ખર્ચની ૧૦૦%ની રકમ ઇન્સેન્ટીવ રિબેટ તરીકે આપવામાં આવશે.

(ખ) (૧)(i) ભાડા આકારણી પધ્ધતિના બાકી મિલકત વેરા પેટેની વ્યાજની રકમમાં ૧૦૦% રકમ ઇન્સેન્ટીવ રિબેટ તરીકે આપવામાં આવશે.

(ii) ભાડા આકારણી પધ્ધતિના વેરાબીલમાં ફક્ત વ્યાજની રકમ બાકી હોય તો સદર વ્યાજની રકમમાં પણ ૯૫ % રકમ ઇન્સેન્ટીવ રિબેટ તરીકે આપવામાં આવશે.

(ગ) ભાડા આકારણી પધ્ધતિની ટેક્ષ અપીલ, તેમજ રીટર્ન થયેલા ચેકની ડિમાન્ડ ચઢાવેલી હશે તો તેઓને પણ વ્યાજની રકમમાં સદર ઇન્સેન્ટીવ રીબેટ યોજનાનો લાભ આપવામાં આવશે. પરંતુ તેવા કિસ્સામાં રીટર્ન થયેલા ચેક અંગે નિયમથી વસુલ કરવા પાત્ર ચાર્જ ઇલાયદા વસુલ કરવાનો રહેશે.

(ઘ) કોઇપણ કરદાતા ફક્ત ભાડા આકારણી પદ્ધતિની પાછલી બાકી રકમ ભરપાઇ કરે તો તેને પણ સદર યોજનાનો લાભ આપવામાં આવશે.

''ક્ષેત્રફળ આધારિત આકારણી પદ્ધતિ માટે ઇન્સેન્ટીવ રીબેટ યોજના''

ક્ષેત્રફળ આધારિત આકારણી પદ્ધતિ સને ૨૦૦૩-૦૪ થી સને ૨૦૧૯-૨૦ સુધી વેરો બાકી હોય તેવા કરદાતાઓને ઇન્સેન્ટીવ રીબેટ યોજનાનો લાભ આપવામાં આવશે.

(ક) નોટીસ ફી, વોરંટ ફી, અને જાહેરાત ખર્ચની રકમમાં ૧૦૦% રકમ ઇન્સેન્ટીવ રિબેટ તરીકે આપવામાં આવશે.

(ખ) (૧) ૩૦ ચો.મી. સુધીની રહેણાંકની મિલ્કતોને રૂા. ૧૦,૦૦૦/- સુધીના વ્યાજની રકમ ૧૦૦% ઇન્સેન્ટીવ રિબેટ તરીકે આપવામાં આવશે.

(૨) ૩૦ ચો.મી.થી ઉપરની રહેણાંકની મિલ્કતોની બાકી રહેતી વ્યાજની રકમમાં ૮૦% રકમ ઇન્સેન્ટીવ રિબેટ તરીકે આપવામાં આવશે.

(૩) તમામ બિન રહેણાંકની મિલ્કતો માટે બાકી રહેતી વ્યાજની રકમમાં ૬૦% રકમ ઇન્સેન્ટીવ રિબેટ તરીકે આપવામાં આવશે.

(ગ) (૧) સને ૨૦૧૯-૨૦ સુધીના મિલકત વેરાના બીલમાં જો ફક્ત વ્યાજની રકમ બાકી હશે તો તેવા કરદાતાને પણ સદર યોજનાનો લાભ આપવાનો રહેશે.

(ઘ) જે અરજદાર ક્ષેત્રફળ આધારિત આકારણીની સને ૨૦૦૩-૦૪ થી ૨૦૧૯-૨૦ સુધીના મિલકત વેરા પૂર્ણ પણે ભરપાઇ કરશે તેઓને સદર ઇન્સેન્ટીવ રીબેટ યોજનાનો લાભ મળશે.

(ચ) કોઇપણ કરદાતા ભાડા આકારણી પદ્ધતિની રકમ બાકી હોય અને ફક્ત ક્ષેત્રફળ આધારિત પદ્ધતિ મુજબના સને ૨૦૧૯-૨૦ સુધીના મિલકત વેરાની રકમ ભરપાઇ કરે તો તેને પણ સદર યોજનાનો લાભ આપવામાં આવશે.

ઉપરોક્ત સંપૂર્ણ યોજનાનો લાભ ફક્ત યોજનાના અમલ તા. ૨૪/૦૭/૨૦૨૦ થી તા. ૩૧/૧૦/૨૦૨૦ સુધી વેરો ભરનાર કરદાતાઓને જ મળવાપાત્ર રહેશે.

સદર યોજના અંતર્ગત વેરાની રકમ ફક્ત સંબંધીત વોર્ડ કચેરીમાં જ ભરપાઇ થઇ શકશે ઓન લાઇન કે બેંકમાં અથવા અન્ય વોર્ડ કચેરીમાં ભરી શકાશે નહીં.

સદર યોજના અંતર્ગત ચેકથી ભરવામાં આવેલી રકમનો ચેક કોઇપણ કારણોસર રીટર્ન થશે અને યોજનાની મુદ્દત પુરી થયેલા હશે તેવા કિસ્સામાં કરદાતાએ વ્યાજ સહિતની પુરેપુરી રકમ ભરવાની રહેશે.

અગાઉ યોજનામાં જણાવ્યા મુજબ સને ૨૦૨૦-૨૧નો એડવાન્સ મિલકતવેરો ભરનાર કરદાતાઓને રહેણાંક મિલકત વેરામાં ૧૦ % રિબેટ (વળતર) તા. ૩૧/૦૭/૨૦૨૦ સુધી અને બિન-રહેણાંક મિલકત વેરામાં ૨૦% રિબેટ (વળતર) તા. ૩૧/૦૮/૨૦૨૦ સુધી યોજના ચાલુ છે જેનો પણ તમામ કરદાતાઓએ લાભ લેવા વિનંતી છે.

સદર બાબતે વધુ માહિતીની જરૂર જણાય તો સંબધિત વોર્ડ કચેરીનો કચેરી સમય દરમ્યાન સંપર્ક કરવા વિનંતી છે.

પી.આર.ઓ. નં/૩૨૧/૨૦૨૦-૨૧

મ્યુનિસિપલ કમિશનર

અપાર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ

(CIN : L91110GJ1989PLC012802)

રજીસ્ટર્ડ ઓફિસ : ૩૦૧, પનોરમા કોમ્પલેક્ષ, આર.સી.દત્ત રોડ, વડોદરા - ૩૯૦ ૦૦૭ (ગુજરાત) ઈન્ડીયા.

Phone : (૦૨૬૫) ૨૩૩૯૯૦૬ Fax : (૦૨૬૫) ૨૩૩૦૩૦૯ E-mail : com_sec@apar.com Website : www.apar.com

૩૧મી વાર્ષિક સાધારણ સભા યોજવા તેમજ ઈ-વોટીંગની જાણકારી વિષયક સૂચના

આથી સૂચના આપવામાં આવે છે કે :

૧. અપાર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ(ધી કંપની) ના શેરધારકોની ૩૧મી વાર્ષિક સાધારણ સભા સોમવાર, તા. ઓગષ્ટ ૧૭, ૨૦૨૦ ના રોજ બપોરના ૨.૩૦ કલાકે વિડીયો કોન્ફરન્સીગ/અન્ય દ્રશ્ય - શ્રાવ્ય માદયમો (ઓએવીએમ) દ્વારા યોજાશે. આ સભા સામાન્ય પરિપત્ર નં. ૧૪/૨૦૨૦ તા. ૮મી એપ્રિલ, ૨૦૨૦, સામાન્ય પરિપત્ર નં. ૧૭/૨૦૨૦ તા. ૧૩મી એપ્રિલ, ૨૦૨૦ અને સામાન્ય પરિપત્ર નં. ૨૦/૨૦૨૦ તા. ૦૫મી મે, ૨૦૨૦ અને આવા અન્ય પરિપત્રો, કોર્પોરેટ બાબતોના મંત્રાલય (એમસીએ) દ્વારા જો બહાર પાડવામાં આવ્યા હોય તો અને સેબી / એચઓ / સીએફડી / સીએમડી૧/ સીઆઈઆર / પી / ૨૦૨૦ / ૭૯ પરિપત્ર જે સીક્યુરીટીઝ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડીયા (સેબી)(અત્રે હવે પછીથી જે એકત્રિત રીતે પરિપત્રો તરીકે સંદર્ભિત થશે) જેના દ્વારા કંપનીઓને સહુ માટે કોઈ એક સ્થળે સદસ્યોની હાજરી વગર વીસી / ઓએવીએમ ના માદયમથી વાર્ષિક સાધારણ સભા યોજવાની મંજુરી આપવામાં આવી છે, તેના હેઠળ યોજવામાં આવેલ છે. એથી, કંપનીની ૩૧મી વાર્ષિક સાધારણ સભા, તા. ૨૫મી જુન, ૨૦૨૦ના કંપનીની ૩૧ મી વાર્ષિક સાધારણ સભા, યોજવાની સૂચનામાં જણાવેલ બાબતો માટે વીસી / ઓએવીએમ દ્વારા યોજવામાં આવી છે. જે સદસ્યો વીસી / ઓએવીએમ દ્વારા આ સભામાં ભાગ લેશે તેમની કંપનીઝ એકટ, ૨૦૧૩ ની કલમ ૧૦૩ હેઠળ કોરમના હેતુસર ગણના કરવામાં આવશે.

૨. સંબંધિત પરિપત્રોનું પાલન કરતાં, ૩૧મી વાર્ષિક સાધારણ સભાની સૂચના અને વર્ષ ૨૦૧૯/૨૦૨૦ના વાર્ષિક અહેવાલની ઈલેકટ્રોનીકસ નકલો, એવા તમામ સદસ્યો જેમના ઈમેઈલ સરનામા કંપની/ડીપોઝીટરી પાર્ટીસીપન્ટસ સાથે નોંધાયેલા છે, તેમને મોકલવામાં આવી છે. આ દસ્તાવેજો કંપનીની વેબસાઇટ www.apar.com, સ્ટોક એકસચેંન્જની વેબસાઇટ અનુક્રમે જેમ કે બીએસઇ લિમીટેડ(બીએસઇ) અને નેશનલ સ્ટોક એકસચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડ (એનએસઇ)ની વેબસાઇટસ www.bseindia.com,અને www.nseindia.com અને સીડીએસએલની વેબસાઇટ https://www.evotingindia.com પર ઉપલબ્ધ છે. આ નોટીસ પાઠવવાની કામગીરી ઇમેઈલ દ્વારા તા. ૨૨ જુલાઈ,૨૦૨૦ના રોજ પુરી કરી દેવામાં આવી છે.

૩. કંપનીઝ એકટ, ૨૦૧૩ ની કલમ ૧૦૮ ને ધી કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમીનીસ્ટ્રેશન) એમેન્ડમેંટ રૂલ્સ, ૨૦૧૫ ના સુધારેલા નિયમ-૨૦ અને સેબી(લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રીકવાયરમેન્ટસ) રેગ્યુલેશન-૨૦૧૫ ના રેગ્યુલેશન ૪૪ અને તેમાં સમયાંતરે થયેલા સુધારા સાથેના સહવંચાણ હેઠળ કંપનીના શેરધારકો માટે નીચે જણાવેલી જાણકારીઓ ઉપલબ્ધ છે.

કટ ઓફ ડેટ (રેકોર્ડ ડેટ) સોમવાર, તા. ૧૦મી ઓગષ્ટ, ૨૦૨૦ના રોજ જે શેરધારકો ભૌતિક કે ડીમટેરીયલાઇઝડ સ્વરુપમાં ઇકવીટી શેર્સ ધરાવે છે, તેઓ ૩૧મી વાર્ષિક સાધારણ સભા જેની નોટીસ તા. ૨૫મી જુન, ૨૦૨૦ માં જે કાર્યવાહીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના માટે સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વિસીસ (ઇન્ડીયા) લિમિટેડ (સીડીએસએલ)(એજન્સી જેની નિમણૂંક કંપનીના શેરધારકોને રીમોટ ઈ-વોટીંગ અને વાર્ષિક સાધારણ સભા સમયે ઈ-વોટીંગની સુવિધા આપવા માટે કરવામાં આવી છે) ની ઇલેકટ્રોનીક સિસ્ટમનો ઉપયોગ કરીને પોતાનો મત આપી શકશે.

આથી તમામ સદસ્યોને જણાવવામાં આવે છે કે :

i. ૩૧મી વાર્ષિક સાધારણ સભા યોજવાની તા. ૨૫મી જુન, ૨૦૨૦ની સૂચનામાં, આ સભામાં હાથ ધરવા માટેની જે બાબતો જણાવવામાં આવી છે તેને લગતી કાર્યવાહી રીમોટ ઈ-વોટીંગ અને / અથવા વાર્ષિક સાધારણ સભા દરમ્યાન ઈ-વોટીંગ સિસ્ટમથી થશે.

ii. રીમોટ ઈ-વોટીંગનો પ્રારંભ ગુરૂવાર તા. ૧૩મી ઓગષ્ટ, ૨૦૨૦ના રોજ (સવારના ૧૦.૦૦ કલાકે આઈએસટી) થશે.

iii. રીમોટ ઈ-વોટીંગ રવિવાર, તા. ૧૬મી ઓગષ્ટ, ૨૦૨૦ (સાંજના ૫.૦૦ કલાકે આઈએસટી) પુરું થશે.

iv. રીમોટ ઈ-વોટીંગ અને/અથવા વાર્ષિક સાધારણ સભામાં ઈ-વોટીંગ સિસ્ટમથી મતદાન કરવા માટેની પાત્રતા નકકી કરવા માટેની કટ ઓફ ડેટ (રેકોર્ડ ડેટ) સોમવાર, તા. ૧૦મી ઓગષ્ટ, ૨૦૨૦ રહેશે.

v. એવી કોઈપણ વ્યકિત, કે જે એજીએમ ની નોટીસ પાઠવ્યા પછી કંપનીના ઇકવીટી શેર્સ મેળવે છે અને કંપનીનો સભાસદ બને છે અને કટ ઓફ ડેટ (રેકોર્ડ ડેટ) એટલે કે સોમવાર, તા. ૧૦મી ઓગષ્ટ, ૨૦૨૦ ના રોજ ઇકવીટી શેરધારક છે, તે helpdesk.evoting@cdslindia.com પર વિનંતી મોકલીને લોગીન આઇડી અને પાસવર્ડ મેળવી શકે છે. જો કે, વ્યકિતએ ઈ-વોટીંગ માટે સીડીએસએલ માં નોંધણી કરાવી લીધી હોય, તો તે મત આપવા માટે પ્રવર્તમાન યુઝર આઇડી અને પાસવર્ડ નો ઉપયોગ કરી શકશે.

vi. સદસ્યો નોંધ લે :

a) સીડીએસએલ દ્વારા રીમોટ ઈ-વોટીંગ વ્યવસ્થા રવિવાર, તા. ૧૬મી ઓગષ્ટ, ૨૦૨૦ ના રોજ સાંજના ૫.૦૦ કલાકે (આઈએસટી) બંધ કરવામાં આવશે અને એકવાર ઠરાવ પર મત આપી તે સદસ્ય દ્વારા તે કન્ફર્મ કરવામાં આવે તે પછી, સદસ્ય તેમાં ફેરફાર કરી નહી શકે.

b) એજીએમ દરમ્યાન પણ ઈ-વોટીંગ કરવાની સુવિધા ઉપલબ્ધ રહેશે અને જે સભાસદો વીસીના માદયમથી એજીએમમાં ઉપસ્થિત હશે અને જેમણે રીમોટ ઈ-વોટીંગની સુવિધા હેઠળ ઠરાવો પર મતદાન કર્યુ નથી, અને જેઓ અન્ય કોઈ રીતે મતદાન માટે ગેરલાયક નથી, તેઓ એજીએમ માં ઈ-વોટીંગથી મતદાન કરવા માટે માન્ય ગણાશે.

c) એજીએમ પહેલા જે સભાસદોએ રીમોટ ઈ-વોટીંગ થી મતદાન કરી લીધું છે તેઓ એજીએમમાં હાજરી આપી શકશે, પરંતુ ફરીથી મતદાન નહી કરી શકે અને

d) કટ ઓફ ડેટ (રેકોર્ડ ડેટ) એટલે કે સોમવાર, તા. ૧૦મી ઓગષ્ટ, ૨૦૨૦ ના રોજ જે વ્યકિતનું નામ કંપનીના રજીસ્ટર ઓફ મેમ્બર્સમાં અથવા ડીપોઝીરી દ્વારા રાખવામાં આવતા રજીસ્ટર ઓફ બેનીફિશ્યલ ઓનર્સમાં નોંધાયેલું હશે, માત્ર એવી વ્યકિતઓને જ રીમોટ ઈ-વોટીંગની સુવિધાનો અને /અથવા એજીએમમાં ઈ-વોટીંગનો ઉપયોગ કરવાનો અધિકાર રહેશે.

vii. જે સભાસદો ડીમટેરીયલાઇઝડ કે ભૌતિક સ્વરુપમાં શેર્સ ધરાવે છે અને એવા સભાસદો જેમણે તેમના ઈમેઈલ સરનામાંની નોંધ કરાવી નથી તેમના માટે રીમોટ ઈ-વોટીંગ કરવાની પદ્ધતિની એજીએમની સૂચનામાં જાણ કરવામાં આવી છે આ વિગતો મેળવવા માટે સભાસદોને કંપનીની વેબસાઇટ www.apar.com જોવા વિનંતી છે.

viii. એવા સભાસદો કે જેઓ ડીમેટીરીયલાઇઝડ સ્વરુપમાં શેર્સ ધરાવે છે અને જેમણે તેમના ડીપોઝીટરી પાર્ટીસીપન્ટસ પાસે તેમના ઈમેઈલ સરનામાની નોંધ કરાવી નથી /સરનામુ સુધાર્યું નથી, તેઓને, તેમનું ડીમેટ એકાઉન્ટ જે જાળવે છે એવા તેમના સંબંધિત ડિપોઝીટરી પાર્ટીસીપન્ટસ પાસે તેમનું ઈમેઈલ સરનામું નોંધાવી દેવા/ સુધારો કરાવી લેવા વિનંતી છે અને જે સભાસદો ભૌતિક સ્વરુપમાં શેર્સ ધરાવે છે અને કંપનીમાં તેમનું ઈ-મેઈલ સરનામું નોંધાવ્યુ નથી કે સુધારો કરાવેલ નથી, તેમને investorservices@apar.com ને, તેમનો ફોલીઓ નંબર ટાંકીને, અને પોતાના પાન ની સ્વપ્રમાણિત નકલ જોડીને તેમનું ઈ-મેઈલ સરનામું નોંધાવી લેવા/સુધારો કરાવી લેવા જણાવવામાં આવે છે, જેથી તેઓ કંપની પાસેથી ઈલેકટ્રોનીક પદ્ધતિથી ૨૦૧૯-૨૦૨૦ ના વાર્ષિક અહેવાલની નકલો, ૩૧મી એજીએમ યોજવાની નોટીસ, રીમોટ ઈ-વોટીંગ કરવાની અને એજીએમ દરમ્યાન ઈ-વોટીંગ કરવાની સૂચનાઓ અને વીસી દ્વારા એજીએમમાં ભાગ લેવાની સૂચનાઓ મેળવી શકે.

તેના વિકલ્પે, સભાસદો નીચે જણાવેલી લીક પર પોતાનું ઈ-મેઈલ સરનામું, મોબાઈલ નંબર, પાન અને બેંકની વિગતો માં સુધારો કરી શકે છે.

https://www.linkintime.co.in/EmailReg/Email_Register.html

ix. કંપનીએ ન્યાયી અને પારદર્શક પધ્ધતિથી ઈ-વોટીંગ પ્રક્રિયાને સ્કુટીનાઈઝ કરવા, સ્કુટીનાઈઝર તરીકે મેસર્સ એચ.એમ.મહેતા એસોસીએટસ્, પ્રેકટીસીંગ કંપની સેક્રેટરીના પ્રોપરાઈટર શ્રી હેમાંગ એમ. મહેતાની નિયુકિત કરી છે.

x. કોઈપણ પૃચ્છા માટે, સભાસદો www.evotingindia.com ના હેલ્પ સેકશનમાં ઉપલબ્ધ ફીકવન્ટલી આસ્કડ કવેશ્ચન્સ (એફએકયુ) અને ઈ-વોટીંગ યુઝર મેન્યુઅલ જોઈ શકે છે. ઈ-વોટીંગની સુવિધાને લગતી કોઈપણ ફરિયાદ માટે શ્રી નીતિન કુંદર - ઓફિસર (૦૨૨-૨૩૦૫૮૭૩૮) અથવા શ્રી રાકેશ દળવી - મેનેજર (૦૨૨-૨૩૦૫૮૫૪૨) અથવા શ્રી મહેબુબ લાખાણી - ડે. મેનેજર (૦૨૨-૨૩૦૫૮૫૪૩) નો સીડીએસએલ, એ-વીંગ, મેરેથોન ફયુચુરેકસ, મફતલાલ મીલ કમ્પાઉન્ડ, એન.એમ.જોષી માર્ગ, લોઅર પરેલ (ઈ) , મુંબઈ-૪૦૦૦૧૩ ખાતે સંપર્ક કરી શકે છે અથવા helpdesk.evoting@cdslindia.com ને ઈમેઈલ કરી શકે છે અથવા ૦૨૨-૨૩૦૫૮૭૩૮/૦૨૨-૨૩૦૫૮૫૪૨/૪૩ પર કોલ કરી શકે છે. જે સભાસદોને વીસી દ્વારા બેઠકમાં ભાગ લેવાની સરળતા માટે ટેકનીકલ મદદની જરૂર છે, તેઓ ઉપરોકત હેલ્પ લાઈન નંબર પર પણ સંપર્ક કરી શકે છે.

બોર્ડના આદેશથી
અપાર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ વતી,
સંજયા કુંદર
કંપની સેક્રેટરી

સ્થળ : મુંબઈ
તારીખ : ૨૩ જુલાઈ, ૨૦૨૦

VOLTAMP VADODARA THE POWER OF INDUSTRY

વોલ્ટેમ્પ ટ્રાન્સફોર્મર્સ લીમીટેડ

CIN: L31100GJ1967PLC001437

રજી. ઓફિસ : મકરપુરા, વડોદરા-૩૯૦૦૧૪, ગુજરાત (ઈન્ડીયા)

ફોન : +૯૧ ૨૬૫ ૨૬૪૨૦૧૧ / ૨૬૪૨૦૧૨ / ૩૦૪૧૪૮૦, ફેક્સ : +૯૧ ૨૬૫ ૨૬૪૬૭૭૪ / ૩૦૪૧૪૯૯

ઈ-મેઈલ : voltamp@voltamptransformers.com, વેબસાઈટ : www.voltamptransformers.com

નોટીસ

આથી સભાસદોને સુચના આપવામાં આવે છે કે કંપનીની ૫૩મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) તા. ૧૪મી ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે વિડીયો કોન્ફરન્સ (''વીસી'') અથવા અન્ય ઓડીયો વિઝ્યુઅલથી (ઓ.એ.વી.એમ) દ્વારા કંપની એક્ટ, ૨૦૧૩ (ધી એક્ટ) નિયમો સાથે અને તેના સુધારેલ નિયમો સાથે અને જનરલ સરક્યુલર નં. ૧૪/૨૦૨૦ તા. ૮મી એપ્રીલ ૨૦૨૦ અને જનરલ સરક્યુલર નં. ૧૭/૨૦૨૦ તા. ૧૩મી એપ્રીલ ૨૦૨૦ તથા જનરલ સરક્યુલર નં. ૨૦/૨૦૨૦ તા. ૫મી મે ૨૦૨૦ કોર્પોરેટ એફર્સ મંત્રાલય દ્વારા જારી કરેલ છે. (સામૂહીક રીતે એમ.સી.એ, પરીપત્ર) - સાથે સેબી/એચઓ/સીએફડી/સીએમડીઆઈ/સીઆરઆર/પી/૨૦૨૦/૭૯ સાથે વાંચી તા.૧૨મી મે ૨૦૨૦ સેબી સાથે પાલન (લીસ્ટીંગ જવાબદારીઓ અને ડીસક્લોઝર્સ આવશ્યકતાઓ) નિયમો, ૨૦૧૫, ૫૩મી એજીએમ સંમેલન વ્યવસાય નોટીસમાં સુયોજીત વ્યવહાર.

એમસીએ સરક્યુલર અને સેબીના સરક્યુલરનું પાલન કરતા, એજીએમની નોટીસમાં દર્શાવેલ મીટીંગમાં સમજુયાત્મક નિવેદન જોડાયેલા / ૫૩મો વાર્ષીક અહેવાલ (૨૦૧૯-૨૦) ઈલેક્ટ્રોનીક મોડ દ્વારા ૫૩મો વાર્ષિક રીપોર્ટ શેરહોલ્ડરને જેના ઈ-મેલ આઈડી ડીપોઝીટરીઝ/કંપનીમાં નોંધાયેલા હશે તેમને મોકલવામાં આવેલ છે. કંપનીએ વાર્ષીક અહેવાલ તથા નોટીસ કંપનીની વેબ સાઈટ www.voltamptransformers.com અને સ્ટોક એક્સચેન્જ(BSE અને NSE of India Ltd) www.bseindia.com અને www.nseindia.com તથા નેશનલ સીક્યુરીટીઝ ડીપોઝીટરીઝ લી.(NSDL) - એક એજન્સી નિમણુક રીમોટથી ઈ-વોટીંગ, એજીએમમાં વીસી/ઓએવીએમ અને ઈ-વોટીંગ એજીએમ માં ભાગ લેવા માટે www.evoting.nsdl.com ઉપર ઉપલબ્ધ છે.

વધુમાં કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમ ૯૧ અને લાગુ પડતા નિયમો અનુસાર તેમજ રેગ્યુલેશન ૪૨ના સેબી (લીસ્ટીંગ ઓબ્લીગેશન અને ડીસક્લોઝર રીક્વાયરમેન્ટ) રેગ્યુલેશન ૨૦૧૫ મુજબ સભાસદોનું રજીસ્ટર તથા કંપની શેર ટ્રાન્સફર બુક્સ શુક્રવાર, ૭મી ઓગસ્ટ, ૨૦૨૦ થી શુક્રવાર ૧૪મી ઓગસ્ટ ૨૦૨૦ સુધી (બંને દિવસ સંકલિત) સભાસદોની રીમોટ ઈ-વોટીંગ/ અથવા ઈ-વોટીંગ વાર્ષિક સામાન્ય સભા માં નકકી કરવા માટે બંધ રહેશે.

વધુમાં કંપનીઝ એક્ટ ૨૦૧૩, નિયમ ૨૦ ઓફ ધ કંપનીઝ (સંચાલન અને વહીવટ) નિયમ ૨૦૧૪, સુધારેલા નિયમો (સંચાલન અને વહીવટ) નિયમ ૨૦૧૫ અને રેગ્યુલેશન ૪૨ નો સેબી (લીસ્ટીંગ ઓબ્લીગેશન અને ડીસક્લોઝર રીક્વાયરમેન્ટ) રેગ્યુલેશન ૨૦૧૫ મુજબ.

૧. તા ૨૨મી જુલાઇ ૨૦૨૦ ના રોજ વાર્ષિક સાધારણ સભાની સૂચના વાર્ષિક અહેવાલ સાથે ઇલેક્ટ્રોનીક પધ્ધતીથી મોકલેલ છે.

૨. અંર્તયાળ ઈ-વોટીંગ નો સમય મંગળવાર તા. ૧૧/૮/૨૦૨૦ ના રોજ સવારે ૯:૦૦ થી ગુરૂવારે, તા.૧૩ /૮/૨૦૨૦ના રોજ સાંજે ૫:૦૦ કલાક સુધી રહેશે. સાંજે ૫ વાગ્યા પછી nsdl દ્વારા ઇ-વોટીંગ મોડયુલ સવલત બંધ કરવવામાં આવશે.

૩. જે સભાસદોનું નામ કટ-ઓફ તા. ૭ ઓગસ્ટ, ૨૦૨૦ના શુક્રવારના રોજ સભાસદ રજીસ્ટરમાં અથવા ડીપોઝીટરીસ દ્વારા જાળવવામાં આવેલ લાભદાયી માલિકોના રજીસ્ટરમાં હશે, તે સભાસદો રીમોટ ઇ-વોટીંગની સુવિધા મેળવવા માટે તેમજ સામાન્ય સભામાં મતદાન માટે હક્કદાર રહેશે.

૪. જે વ્યક્તિએ, કંપનીના શેર નોટીસ પોસ્ટ કર્યા પછી શેર લીધા હોય અને કટ-ઓફ તા. ૭મી ઓગસ્ટ, ૨૦૨૦, બુધવારના રોજ કંપનીના સભાસદ હોય, તેઓ evoting@nsdl.co.in અથવા vadodara@linkintime.co.in પર રીક્વેસ્ટ મોકલીને લોગીન આઇ ડી અને પાસવર્ડ મેળવી શકે છે.

૫. મેમ્બર્સ ઈ-વોટીંગ માટે સુચના એજીએમ ના નોટ ન. ૨૦માં છે અને કોઈ પણ પ્રશ્નો અથવા વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQS) અને ઈ-વોટીંગ માટે વપરાશકર્તા માર્ગદર્શિકા નો સંદર્ભ લો અથવા મેમ્બર માટે www.evoting.nsdl.com ના ડાઉનલોડ સેકશનમાં ઉપલબ્ધ છે.

૬. એ)ઇ-વોટીંગ દ્વારા મતદાનની સુવિધા વાર્ષિક સામાન્ય સભામાં ઉપલબ્ધ કરવામાં આવશે તથા મીટીંગમાં હાજર સભાસદો પૈકી જે સભાસદોએ રીમોટ ઇ-વોટીંગ દ્વારા મતદાન ન કર્યું હોય, તેવા સભાસદો મતદાન કરી શકશે.

બી) જે સભાસદોએ પોતાનો મત ઇ-વોટીંગ દ્વારા કર્યો હોય તે સભાસદો વાર્ષિક સામાન્ય સભામાં હાજર રહી શકશે પરંતુ તે ફરીથી મતદાન કરી શકશે નહી.

૭. એજીએમની નોટીસ સૂચવે છે કે ઈ-વોટીંગ અને હાજરી આપવા એજીએમમાં પ્રક્રિયા અને રીત વીસી/એએવીએમ સુવિધા સંપૂર્ણ એનએસડીએલ ની વેબસાઇટ https://www.evoting.nsdl.com અને કંપનીની વેબસાઇટ www.voltamptransformers.com પર ઉપલબ્ધ છે.

૮. જે સભાસદોને કોઇ પ્રશ્ન/ પૂછપરછ હોય તો તે નો સંપર્ક કરી સભ્યોના ઇ-વોટીંગ મેન્યુઅલ કે જે www.evoting.nsdl.com ના ડાઉનલોડ કરેલ છે. અથવા ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૨૨-૯૯૦ અથવા સરિતા મોટે, આસીસ્ટન્ટ મેનેજર, નેશનલ સિક્યોરીટીઝ ડીપોઝેટરી લી., ટ્રેડવલ્ડ, એ-વીંગ, ચોથા માળે, કમલા મીલ્સ કંપાઉન્ડ, સેનાપતી બાપટ માર્ગ, લોઅરપરેલ, મુંબઇ-૪૦૦૦૧૩, ફોન નં. +૯૧ ૨૨ ૨૨૯૯૪૮૯૦ ઇ-મેલ -આઇડી saritam@nsdl.co.in પર સંપર્ક કરી શકશે જે ઇલેક્ટ્રોનીક વોટીંગ અંગેની તકરાર સાંભળશે.

બોર્ડના હુકુમથી
વોલ્ટેમ્પ ટ્રાન્સફોર્મર્સ લીમીટેડ
વતી
સંકેત રાઠોડ
કંપની સેક્રેટરી

સ્થળ : વડોદરા
તા. ૨૨-૦૭-૨૦૨૦